ખાનગી હોસ્પિટલોને કોવિડ-૧૯ ની સારવાર
માટે ડેજીગ્નેટ કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-એસએફએસ-૨-ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૫/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃ એનસીવી-૧૦૨૦૨૦-એસએફએસ-૧-ગ.

(૨) કમિશનરશ્રી, (આરોગ્ય) ની તા.૨૬/૦૪/૨૦૨૦ ની નોંધ પરની દરખાસ્ત.

આમુખ:-

હાલ વિશ્વના ૧૫૦થી વધારે દેશોમાં નોવેલ કોરોના વાયરસ (કોવિડ–૧૯)ની મહામારી ફેલાઇ રહી છે. ભારતમાં પણ કોવિડ-૧૯નો વ્યાપ વધતો જાય છે. આ રોગના મુખ્ય લક્ષણો શ્વસનતંત્ર ઇન્ફેકશનને લગતાં હોઈ, આ રોગનો ફેલાવો ઝડપથી થાય છે. આથી કોવિડ-૧૯ ના દર્દીઓને સારવાર આપી શકે તેવી ત્રણ ખાનગી હોસ્પિટલો ડેજીગ્નેટેડ કરવા આમુખના ક્રમ-(૧) થી ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. આ સંદર્ભે કોવિડ– ૧૯ની સારવાર માટે સાંકળી લઇ એક વિશેષ વર્ગ કે જે પોતે વધુ સારી સુવિધાઓ મેળવવા અને સારવારનો ખર્ચ પોતે ઉપાડી શકે છે. આ અંગે તેઓ ખાનગી હોસ્પીટલોમાં સારવાર લેવા ઇચ્છે છે તે સંજોગોમાં જે લોકો સ્વેચ્છાએ સ્વખર્ચે આવી સારવાર લેવા ઇચ્છતા હોય તો તે માટે કમિશનરશ્રીની કચેરી તરફથી ક્રમાંક(૨)ની દરખાસ્ત અન્વયે નીચેની ચાર હોસ્પિટલોને કોવિડ-૧૯ અંતર્ગત ડેજીગ્નેટેડ હોસ્પીટલો તરીકે માન્યતા આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે જે પ્રજાજનોને કોવિડ-૧૯ની સારવાર માટે પોતે સારી સુવિધા મેળવવા માંગતા હોય અને સારવારનો ખર્ચ પોતે ઉપાડી શકે તે માટે નીચે દર્શાવેલ ચાર હોસ્પિટલોને " કોવિડ-૧૯ ડેજીગ્નેટેડ હોસ્પિટલ" તરીકે નીચેની શરતોએ જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | હોસ્પિટલનું નામ | પથારીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | શેલ્બી, મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ,૬, રૂપમ સોસાયટી, વિજય ક્રોસ રોડ, મેમનગર ફાયર સ્ટેશન પાસે, નવરંગપુરા, અમદાવાદ. | ૨૭ |
| ૨ | શેલ્બી, મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ, હરીદર્શન ક્રોસ રોડ પાસે, નરોડા, અમદાવાદ. | ૨૦ |
| ૩ | તપન હોસ્પિટલ, પ્લેટેનીયમ હોલ પાસે, આનંદનગર ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ. | ૪૫ |
| ૪ | સેવીયર એનેક્સી હોસ્પિટલ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ. | ૫૦ |

(૧) સદરહુ હોસ્પિટલોમાં સ્વેચ્છાએ તેઓના ત્યાં આવતા દર્દીઓ પાસેથી સારવાર તેમજ તેનો આનુષાંગિક ખર્ચ મેળવવાનો રહેશે અને આવા દર્દીઓની સારવાર ખાનગી સારવાર ગણાશે.

(૨) રાજય સરકાર/મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકા/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા આ માટે કોઇ નાણાકીય કે અન્ય સહાય આપશે નહીં.

(૩) આ હોસ્પિટલો કોવિડ-૧૯ ની ભારત સરકારની ગાઇડ લાઇન મુજબની તમામ સુવિધાઓ હોવી ફરજીયાત છે અને આ સુવિધા દર્દીઓને પુરી પાડવાની રહેશે.

(૪) હોસ્પિટલ ખાતે દાખલ થનાર દર્દીની સાથે આર્થિક કે નાણાકીય કે કાયદાકીય રીતે જો કોઇ બાબતો ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી દર્દી અને હોસ્પિટલ બંનેની રહેશે. આમાં સરકારશ્રીની કોઇ જવાબદારી રહેશે નહીં.

(૫) સદરહુ હોસ્પિટલ કોવિડ-૧૯ અંતર્ગત ભારત સરકાર અને રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત જે માર્ગદર્શિકા/સુચનાઓ આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.

(૬) ગાઇડલાઇનની સુવિધા મુજબની જરૂરી સારવાર બાદ સરકારશ્રીના વખતો વખત ચેકલિસ્ટ મુજબ તેની વિગતો રોજેરોજ અચૂક સબંધિત અધિકારીશ્રીને પુરી પાડવાની રહેશે.

(૭) આ ચાર હોસ્પિટલોમાં અધિક નિયામકશ્રી (ત.સે) એ મુલાકાત લઇ ચેકલિસ્ટ મુજબ આ હોસ્પીટલમાં પુરતી સુવિધા હોવા અંગેની ખાતરી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સક્ષમ કક્ષાએથી મળેલ સંમત્તિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(હરેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/ અમદાવાદ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, અમદાવાદ
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદ

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે ઉપસચિવશ્રીઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
- ડાયરેકટરશ્રી, શેલ્બી, મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ, વિજય ક્રોસ રોડ, નવરંગપુરા, અમદાવાદ.
- ડાયરેકટરશ્રી, શેલ્બી, મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ, નરોડા, અમદાવાદ.
- ડાયરેકટરશ્રી, તપન હોસ્પિટલ, સેટેલાઇટ, અમદાવાદ.
- ડાયરેકટરશ્રી, સેવીયર એનેક્સી હોસ્પિટલ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ.
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેક્શન અધિકારીશ્રી, અ, જ, બ,૧ શાખા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૦